# પરીક્ષા રદ કરવાનો નિર્ણય 'પડતાં પર પાટુ' સમાન...!!

## બિન સચિવાલય કલાર્ક-ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષાઓ રદ કરવાના ગૌણ સેવા પસંદગી મંડળના નિર્ણયથી ઉમેદવારોમાં ભારે આઘાત-આક્રોશ : ચૌરે-ચૌટે તથા સોશ્યલ મિડિયા પર ચર્ચાઓનો દૌર

*ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જયારે બિનસચિવાલય કલાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટ પરીક્ષા ફરી એકવાર રદ કરી દેતા રાજયના આશરે ૧૦.૫ લાખ ઉમેદવારોમાં ભારે નિરાશા સાથે આક્રોશ ફાટી નિકળ્યો છે. પસંદગી મંડળ દ્વારા કોઈ પણ સ્પષ્ટ કારણ દર્શાવ્યા વગર જ આગામી તા. ૨૦મી ઓકટોબરે લેવાનારી પરીક્ષા છેલ્લી ઘડીએ રદ કરતા અનેક પ્રકારની શંકા-કુશંકાઓ સર્જાવા પામી છે અને ગાંધીનગરમાં આ પરીક્ષાની તૈયારીઓ માટે મોંઘા ભાડા તેમજ ખાવા-પીવા-રહેવાના ખર્ચા કરીને ઘર-બાર ભુલી તનતોડ મહેનત કરતા યુવાનો આ નિર્ણયથી 'સ્તબ્ધ' થઈ જવા પામ્યા છે.*

*અત્રે ઉલ્લેખનીય છે કે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય કલાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટની મળીને આશરે ૩૫૦૦ જેટલી જગ્યાઓ માટે તા. ૨૦મી ઓકટોબરે પરીક્ષા લેવાની હતી જેને રદ કરવામાં આવી છે. અગાઉ પણ ગત તા. ૨જી ફેબ્રુઆરીના રોજ આ પરીક્ષા લેવાવાની હતી જેને રદ કરવામાં આવી હતી ત્યારબાદ ચુંટણીઓના કારણે પરીક્ષા પાછી ઠેલવવામાં આવી હતી. હવે વધુ એકવાર છેક નજીક આવી પહોંચેલી તારીખના એક સપ્તાહ જેટલા સમય પૂર્વે અગમ્ય કારણોસર ગૌણ સેવા પસંદગી મંડળે પરીક્ષા રદ કરીને ઉમેદવારોને ભારે આંચકો આપ્યો છે. પસંદગી મંડળના આ નિર્ણયથી છેલ્લા દોઢેક વર્ષથી વધુ સમયથી તૈયારીઓ કરી રહેલા ઉમેદવારોની મહેનત પર પાણી ફરી વળ્યું છે કેમ કે આ પરીક્ષાના ફોર્મ ગત ડિસેમ્બર માસમાં ભરાવવામાં આવ્યા હતા. ગાંધીનગર સમચારે ગૌણ સેવા પસંદગી મંડળના આ નિર્ણયને પગલે ઉમેદવારો તથા તેમને તાલીમ આપતા કોચીંગ કલાસીસના સંચાલકો પાસેથી આઘાત-પ્રત્યાઘાત જાણવા પ્રયાસ કર્યો છે.*

### પરીક્ષા 'મોકુફ' કે 'રદ' ??


ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિપત્રમાં 'પરીક્ષા હાલ પુરતી રદ કરવામાં આવે છે' તેવા શબ્દો પ્રયોજયા છે. પરીક્ષા 'મોકુફ' કે 'સ્થગિત' રાખવામાં આવે છે તેવા શબ્દોના બદલે 'રદ' શબ્દ વાપરવામાં આવતા ઉમેદવારોમાં અનેક શંકા કુશંકાઓ જન્મી છે. કેટલાકના મતે હવે આ પરીક્ષા ફરીવાર લેવામાં આવશે નહી અને નવેસરથી તેના નવા નીતિ-નિયમો સાથે નવી જાહેરાત બહાર પાડી ફોર્મ ભરાવવાની પ્રક્રિયા હાથ ધરાશે જેમાં અનેક અનઅપેક્ષિત ફેરફારો જોવા મળશે.

### હવે શૈક્ષણિક લાયકાતમાં ફેરફાર 'છેતરપીંડી' સમાન ગણાશે

પરીક્ષા રદ કરાયાની જાહેરાત સાથે જ સોશ્યલ મિડિયા પર આ પરીક્ષા માટેની લાયકાતમાં ફેરફારો સાથે ફરીથી ફોર્મ ભરાવવામાં આવશે તેવી ચર્ચાઓએ જોર પકડયું છે. આ ચર્ચાઓમાં એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે હવે ઉમેદવારની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધો-૧૨ પાસને બદલે 'સ્નાતક' કરી દેવાશે, જો ખરેખર એમ થાય તો લાખો ઉમેદવારો જેઓ ધો-૧૨ પાસ છે તેમની સાથે સરકારે 'છેતરપીંડી' કરી કહેવાય અને તેમની કારકિર્દી ધૂળ-ધાણી થઈ જશે તેનું જવાબદાર કોણ?? આ ઉમેદવારોમાં મોટાભાગના ખેડૂતપુત્રો છે એટલે પોતાને ખેડૂતોની સરકાર ગણાવતી આ રાજય સરકાર દ્વારા ખેડૂત પરિવારોને ફટકારવામાં આવેલા કારમા ઘા સમાન એ નિર્ણય બની રહેશે.

### ઉમેદવાર લાયબ્રેરીમાં ધ્રુસકે ધ્રુસકે રડી પડયો


ગાંધીનગરમાં બિનસચિવાલય કલાર્ક ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષાની તૈયારી કરતો લાખણીનો એક ઉમેદવાર જેના પિતાનું તાજેતરમાં ઓપરેશન કરાવ્યું હોવા છતાં પિતાનું સ્વપ્ન પુરું કરવા તનતોડ મહેનત કરી રહ્યો હતો જેને લાયબ્રેરીમાં વાંચન દરમિયાન જ પરીક્ષા રદ થયાના સમાચાર મળતા બધાની હાજરીમાં ધ્રુસકે ધ્રુસકે રડી પડયો હતો.



બિન સચિવાલય કલાર્કની આ જ પરીક્ષા બબ્બેવાર રદ થયેલી છે. આ સિવાય પણ રાજયમાં કેટલીય પરીક્ષાઓ કોઈને કોઈ કારણોસર રદ થઈ હોવાના દાખલા છે. જેનાથી ઉમેદવારો નાસીપાસ થઈ જાય છે. અમે તમામ કાર્યો બાજુ પર મુકીને પરીક્ષાની તૈયારીઓ કરતા હોઈએ છીએ ત્યારે અચાનક જ ગૌણ સેવા પસંદગી મંડળ પરીક્ષા રદ થયાનો પરિપત્ર જાહેર કરી દે એટલે અમારા જેવા લાખો ઉમેદવારોની મહેનત પર પાણી ફરી વળે છે. પેપર લીક થયું હોય કે અન્ય કોઈ પણ વહીવટી કારણ હોય પરીક્ષા રદ કરવાની સત્તા 'મંડળ' પાસે છે તો તે માટેના યોગ્ય કારણની સ્પષ્ટતા પણ 'ઉમેદવારોનો હક' છે અને તો જ પરીક્ષા પધ્ધતિની પારદર્શકતાનો અહેસાસ થશે.

- **નિધિ ચૌહાણ (ઉમેદવાર)**


●●●



ગૌણ સેવા પસંદગી મંડળે ફરી એકવાર બિનસચિવાલય કલાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષા રદ કરીને અમારી નૈતિક હિંમત અને મનોબળ પર 'પડતાં પર પાટુ' મારીને કારમો આઘાત કર્યો છે. બબ્બેવાર અમે મન બનાવી મોકુફ રહેલી પરીક્ષા કોઈ પણ કારણ દર્શાવ્યા વગર ફરી એકવાર રદ કરી દેતા છેલ્લા દોઢ વર્ષથી બાર બાર કલાક કરેલી મહેનતના અંતે જયારે આંગળીના વેઢે ગણાય તેટલા દિવસો બાકી હતા ત્યારે પરીક્ષા રદ થતા હવે તો અમારા મા-બાપ પણ કહેવા લાગ્યા છે કે ભાઈ તું આ સરકારી નોકરીના ધખારા છોડ અને ખાનગી ક્ષેત્રે જે પણ નોકરી મળે તે લઈને તારી કારકિર્દી શરૂ કરી દે. આમ અમારા મા-બાપની નિરાશા અમારાથી જોવાતી નથી.

- **પૃથક ઠક્કર (ઉમેદવાર)**

●●●



"પરીક્ષા રદ થતા ઘણા સમયથી તૈયારીઓ કરતા ઉમેદવારો માટે મુશ્કેલી ઉભી થઈ છે. હવે સ્નાતક ઉમેદવારો જ પરીક્ષા આપી શકશે તેવુ ચર્ચાઈ રહ્યું છે તે સાંભળી એચએસસી પાસ ઉમેદવારોએ અત્યાર સુધી જે તૈયારીઓ કરી છે તે પાણીમાં જશે... તે કેટલુ યોગ્ય કહેવાય ? આ એક મોટો પ્રશ્ન છે, સરકારે લાખો વિદ્યાર્થીઓની મહેનત અને તેમના ભવિષ્યને ધ્યાનમાં લઈને નિર્ણય લેવો જોઈએ."

- **નેહા તલાવિયા (ઉમેદવાર)**

●●●



"છેલ્લાં એક વર્ષથી બિન સચિવાલય કલાર્કની તૈયારી કરૂ છું. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષા રદ કરવાનું સાચુ કારણ ઉમેદવારને જણાવવું જોઈએ. ઉમેદવારને કોલ લેટર આપી દીધા પછી આ રીતે પરીક્ષા રદ કરવી કેટલી યોગ્ય ગણાય ? આની જવાબદારી કોણ લેશે ? હવે શૈક્ષણિક લાયકાત ધો. ૧૨ને બદલે સ્નાતક કરવાની વાત ચર્ચાઈ રહી છે ત્યારે શું અત્યાર સુધી પસંદગી મંડળ ઘોર નિંદ્રામાં હતુ. ધો. ૧૨ પાસ ઉમેદવારોની મહેનતનું શું ? ખરેખર તો પસંદગી મંડળના બેદરકારો સામે પગલાં લેવા જોઈએ."

- **દુર્ગેશ ગઢવી**

●●●



"છેલ્લી કેટલીક ભરતી પરીક્ષાઓમાં પેપર લીક થયા છે અને રદ કરવામાં આવી છે. આ પરીક્ષા અંગે પણ શંકા છે કે પેપર ફુટી જવાથી રદ કરાઈ છે એનો મતલબ સરકાર પોતાની બેદરકારી છુપાવવા ભરતી પરીક્ષા રદ કરી રહી છે. હવે પછીની ચૂંટણીઓમાં યુવા વર્ગ આ મુદ્દાને યાદ રાખીને જ મતદાન કરશે."

- **જયદીપસિંહ રાણા (ઉમેદવાર)**

●●●



"ગુજરાતના લાખો યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા હોવાથી કોચીંગ કલાસ અને લાઈબ્રેરી પાછળ અઢળક નાણાં ખર્ચે છે જેમનું સપનુ સરકારી કર્મચારી બની પરિવારનું ગુજરાન ચાલે તેમજ સમાજમાં સારૂ કાર્ય કરી શકે તે માટેનું છે. વારંવાર પેપર ફુટવાની કે ગેરરીતિ થવાની ઘટનાઓ અને સરકાર દ્વારા વારંવાર પરીક્ષા રદ કરવાથી આ યુવાનોમાં હતાશા છવાઈ ગઈ છે. જેની વિદ્યાર્થીઓના માનસ પર ગંભીર અસર પડશે. સરકારે પારદર્શક પરીક્ષા પદ્ધતિ ગોઠવી ઉમેદવારોને અન્યાય ના થાય તે જોવું પડશે."

- **અંકિત સોલંકી (ઉમેદવાર)**

●●●



"હું છેલ્લાં એક વર્ષથી પરીક્ષાની તૈયારીઓ માટે બનાસકાંઠાથી ગાંધીનગર આવી છુ, હવે પરીક્ષાની તૈયારીઓ પૂર્ણ કરી ત્યારે પરીક્ષા રદ થવાના સમાચાર આવતા ગુસ્સો આવ્યો કેમ કે અગાઉ પણ બે વાર આ પરીક્ષા મુલત્વી રખાઈ છે. વળી, પરીક્ષા રદ કરવાના કારણની પણ જાહેરાત કરવામાં આવી નથી તો અમારા ભવિષ્યનુ શું ? હવે જો ગ્રેજ્યુએશનના આધારે પરીક્ષા લેવાશે કે પેપર ફુટવાથી પરીક્ષા રદ કરાઈ હોય પરંતુ લોકરક્ષક દળની પરીક્ષા પછી પણ સરકાર કાંઈ શીખી નથી, તમે ઓફિસમાં બેસો છો, તો તમારો સમય કિંમતી પરંતુ અમારા સમયની કોઈ કિંમત નથી ?"

- **પ્રીતિ પટેલ (ઉમેદવાર)**



"આ રીતે છેલ્લી ઘડીએ પરીક્ષા રદ કરવાનો નિર્ણય નબળા મનના ઉમેદવારોના માનસ પર ખૂબ ગંભીર અસર કરી શકે છે, તેમનું મનોબળ તુટી જશે. અનેક વિદ્યાર્થીઓ તો રીતસરના રડી પડ્યાં હતા. સરકારે જો શૈક્ષણિક લાયકાત સ્નાતક સુધીની કરવી હોય તો તે નિર્ણય સંપૂર્ણ અયોગ્ય કહેવાશે. જે ઉમેદવારો આર્થિક રીતે નબળા કે મધ્યમ વર્ગના છે અને ધો. ૧૨ પાસ કરી એક વર્ષથી પૈસાનુ પાણી કરી તૈયારીઓ કરી રહ્યાં હતા તેમનું શું ??"

- **રાજુભાઈ પટેલ,**
**સંચાલક, વિવેકાનંદ એકેડેમી, ગાંધીનગર**

●●●

"પરીક્ષા અચાનક રદ જાહેર કરાતાં ઘણા સમયથી તૈયારી કરતા મહેનતુ વિદ્યાર્થીઓ ખૂબજ નિરાશ થયાં છે. નવી તારીખ પણ જાહેર કરી ના હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ મુંઝવણ અનુભવી રહ્યાં છે. આવી સ્થિતિમાં સૌ કોઈએ સકારાત્મકતા દાખવી પોતાની મહેનતનો દૌર જાળવી રાખવો રહ્યો."



- **નિકુલ રાવલ,**
**સંચાલક, વર્લ્ડ ઈન બોક્સ એકેડેમી, ગાંધીનગર**

### સરકાર નવી સુચના ના આપે ત્યાં સુધી પરીક્ષા મુલતવી

નીતિન પટેલે કાર્યક્રમ દરમ્યાન સ્પષ્ટ કર્યુ હતુ કે, બીનસચીવાલય કારકુનની પરીક્ષા રદ કરવાને લઈને ચોક્કસ કયા કારણોથી પરીક્ષા રદ કરાઈ હતી તે પોતાની જાણમાં નહી હોવાનુ ગણાવ્યુ હતુ. તેમજ સરકાર નવી સુચના ના આપે ત્યાં સુધી પરીક્ષાને મુલતવી રાખવા પણ ગૌણ સેવા પસંદગી મંડળને સુચના અપાઈ હોવાનુ જણાવ્યુ હતુ. બીજીબાજુ, પરીક્ષા રદ થવાના કારણે હજારો ઉમેદવારો ભારે મૂંઝવણમાં મૂકાયા છે.

# હિંમતનગર-અમદાવાદ રોડ પર ડમ્પર-કાર વચ્ચે દુર્ઘટના

## ડમ્પરચાલકે સ્વીફ્ટ કારને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો : કારનો ભુક્કો બોલી જતાં ક્રેઇન બોલાવવી પડી

હિંમતનગર-અમદાવાદ રોડ પર પ્રાંતિજના તાજપુર કૂઈ પાસે આજે બપોરે સ્વીફ્ટ કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતાં બે વ્યકિતના કરૂણ મોત નીપજયા હતા. અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. ગમખ્વાર અકસ્માતમાં સ્વીફટ કારનો ભુકકો બોલી ગયો હતો, જેને પગલે એક તબક્કે ક્રેઈનને બોલાવવી પડી હતી. અકસ્માતની જાણ થતાં જ પ્રાંતિજ પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને સમગ્ર મામલે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગેની વિગત એવી છે કે, હિંમતનગર-અમદાવાદ રોડ પર પ્રાંતિજના તાજપુર કૂઈ પાસે આજે બપોરે એક ડમ્પરચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારી સ્વીફ્ટ કારને અડફેટે લીધી હતી. ડમ્પરની જોરદાર ટક્કરના કારણે સ્વીફ્ટ કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને કારમાં બેઠેલા બે વ્યકિતઓના ઘટનાસ્થળે જ મોત નીપજયા હતા. અકસ્માતને પગલે હાઈવે પર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. એક તબક્કે ભુક્કો બોલી ગયેલી કારમાંથી મૃતદેહ બહાર કાઢવા માટે ક્રેઈનનો સહારો લેવો પડ્યો હતો. પ્રાંતિજ પોલીસે પણ બનાવની જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી. જો કે, આ ગમખ્વાર અકસ્માત અને તેમાં બે વ્યકિતના કરૂણ મોતના સમાચારને લઈ સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી.



### મોડાસાના પ્રસિદ્ધ દેવરાજ મંદિર પ્રવેશદ્વાર નજીક ઢાબામાં ટ્રક-કન્ટેનર ઘુસ્યું

મોડાસા બાયપાસ રોડ પરથી ભાર વાહક ચાલકો અને વાહનચાલકો પુરઝડપે પસાર થતા હોવાથી અનેક નિર્દોષ વાહન ચાલકો અને રાહદારીઓને અડફેટે લેવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે મોડાસા બાયપાસ રોડ પર આવેલા સુપ્રસિદ્ધ દેવરાજ ધામ નજીક બાઈક ચાલકને બચાવવા જતા ટ્રક-કન્ટેનર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ઢાબા બહાર પડેલી બાઈકને ટક્કર મારી ઢાબામાં ઘુસી જતા ભારે અફડાતફડી મચી હતી સદનસીબે ઢાબામાં અને આજુબાજુના લોકોનો આબાદ બચાવ થયો હતો.

ઢાબાને ભારે નુકશાન પહોંચ્યું હતું અકસ્માતના પગલે દોડી આવેલા લોકો ટ્રક-કન્ટેનર ચાલક સાથે હાથાપાઈ કરી હતી ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા

# દિવાળી ટાણે ગૃહીણીઓ ઘરસફાઈમાં વ્યસ્ત

## રજાના દિવસોમાં પતિદેવોને પણ કામે લગાવ્યા : સેકટરોમાં મોટાભાગની ગૃહીણીઓ ઘરસફાઇમાં મસ્ત : સેકટરોમાં પાણીનો વપરાશ વધ્યો

ગાંધીનગર તા ૧૨

નવલી નવરાતના સંગીન પર્વ બાદ રંગબેરંગી રોશની અને દિવડાઓથી જગમગતા દિવાળીના પર્વની તૈયારીમાં નગરજનો મસ્ત અનો વ્યસ્ત છે. ગંદકી અનો અંધકારને ઉલેચતા આ પર્વમાં સફાઈનુ પણ વિશેષ મહત્વ છે. જેમાં ગૃહીણીઓ માટે ઘરની સફાઇ વિશેષ મહત્વનો મુદ્દો છે. દિવાળી પર્વના આડે હવે ગણતરીના દિવસો જ આડા રહ્યા હોવાથી સેકટરોમાં મોટાભાગના ઘરોમાં દિવાળી સફાઈનુ અભિયાન હાથ ધરાયુ છે. ગૃહીણીઓ ઘર સફાઈમાં લાગી ગઇ છે. જયારે શનિ રવિની રજામાં ગૃહીણીઓએ પતિદેવોને પણ ઘરસફાઈના કામે લગાવ્યા હતા.

નવલી નવરાતના પર્વના અંતે હવે દિવાળીનુ મહાપર્વ નજીકમાં છે. દિવાળીમાં ઘર સફાઈ કરવાનો અનેરો મહીમા હોય છે. અલબત્ત ગંદકી ઉલેચવા સાથે અંતર મનમાં પણ ઉજાસ પાથરતા આ પર્વની ઉજવણીને વિશિષ્ટ બનાવવા સૌ કોઇ તત્પર અને ઉત્સુક હોય છે. દિવાળીમાં નવા કપડા , જવેલરી, વાહનો સહીત ઈલેકટ્રીક ઉપકરણોની પણ વિશેષ ખરીદી કરવામાં આવે છે . અલબત્ત દિવાળીમાં બધુ નવુ કરવાની મથામણમાં સૌ પરિવારજનો વ્યસ્ત અને મસ્ત હોય છે. નગરના સેકટરોમાં પણ દિવાળી પર્વને વેલકમ કરવા નગરજનો ઉત્સુક જોવા મળી રહ્યા છે. સેકટરોના મકાનોમાં ઠેર ઠેર કલરકામ તેમજ ઘરસફાઈનુ કામ ચાલી રહ્યુ છે. જેના લીધે ઘરનોકરોની બોલબાલા પણ વધી ગઈ છે.

ઘર સફાઇના અભિયાનના લીધે શહેરમાં પાણીનો વપરાશ પણ સ્વાભાવિક વધી ગયો છે. સેકટરોમાં ગૃહીણીઓ સફાઈ કામમાં લાગી ગઈ છે. ઘર સફાઈમાં મકાનના કમ્પાઉન્ડ સહીત ધાબા સુધી ગંદકી ઉલેચવા ગૃહીણીઓ વ્યસ્ત છે. જયારે રજાના દિવસે પતિદેવો પણ આ કામમાં હાથ બઢાવે છે. દિવડાઓના દિવ્ય ઉજાસથી જગમગતા આ પર્વમાં કચરાની સાથે અંતર મનમાં પણ અજવાળા થાય છે અંધકાર પણ ઉલેચાઈ જાય છે. સંબંધોને તાજગી અને એકમેકની ભુલ માફ કરીને દિલને સાફ કરતા આ પર્વમાં ઘરસફાઈનો વિશેષ મહીમાં છે. ગૃહીણીઓ નવરાતનો થાક ઉતારી હાલ ઘરસફાઈના કામે લાગી ગઈ છે. સેકટરોમાં મોટાભાગના ઘરોમાં ઘર સફાઈના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. દિવાળીના પર્વના દિવસો શરૂ થવના આડે હવે માંડ ગણતરીના ૧૦ દિવસો જ આડા રહ્યા છે ત્યારે શનિ રવિની રજાના દિવસોમાં ઘર સફાઈનો મુદ્દો મુખ્ય બન્યો છે.

### જુનાડીસાનું આંબેળા તળાવ ગંદકીમાં ગરકાવ

ડીસા તાલુકાના જુનાડીસા ગામે આવેલ આંબેળા તળાવ એક સમયે ગામની ઓળખ સમાન હતું પરંતુ વિકાસની લ્હાયમાં ચારે બાજુથી આવતું વરસાદી પાણી અવરોધાઈ ગયું છે અને ઘટાદાર આંબા પણ કપાઈ ગયા છે તેમજ તેની ફરતે દબાણોનું સામ્રાજ્ય છવાયું છે તેમછતાં પંચાયત તંત્ર દ્વારા કોઈ પગલાં ભરાતા નથી.તેથી તળાવ ગંદકીમાં ગરકાવ બની ગયું છે તેમાં વર્ષોથી પડેલું ગંદુ પાણી ગંધાઈ ઉઠયુ છે તેથી માખી મચ્છરોનો ઉપદ્રવ વધી પડતાં આખા ગામ માથે રોગચાળાનો ખતરો મંડરાયો છે એટલું જ નહીં, હાલમાં વાયરલજન્ય બીમારીઓ ફાટી નીકળી છે ત્યારે આ તળાવ નજીક આવેલ પ્રાથમીક અને હાઈસ્કૂલ, હનુમાન મંદિર અને આરોગ્ય ક્વાર્ટર તેમજ આજુબાજુ રહેતા લોકો ગંભીર બીમારીઓમાં સપડાય તેવી પૂરેપૂરી શકયતા છે. તેમછતાં તાજેતરમાં ભયંકર દુર્ગન્ધ મારતા આ તળાવમાં સ્થનિક તંત્ર દ્વારા નર્મદા નિરના વધામણાં કરાયા હતા....! હકીકતમાં ગામની અંદર આવેલ આ એકમાત્ર તળાવ છે. જેનો વિકાસ કરાય તો ગામલોકોને ફરવાલાયક સ્થળ મળે રહે તેમ છે ત્યારે જવાબદાર તંત્ર આળસ ખંખેરી સર્વ પ્રથમ તળાવની ગંદકી હટાવી તેનો વિકાસ કરે તેવો જનમત પ્રવર્તે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ